

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ સાપ્તાહિક

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-29 ■ તા. 10-8-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# ટ્રમ્પની દાદાગીરી સામે BRICSની એકતા



વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને શુક્રવારે ટેલિફોનિક વાતચીત કરી છે. બંને નેતાઓએ યુક્રેન યુદ્ધ, દ્વિપક્ષીય એજન્ડા તથા બંને દેશોની પાર્ટનરશિપને લઈને ચર્ચા કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ X પર પોસ્ટ કરી આ અંગે જાણકારી આપી હતી. આ વર્ષના અંત પહેલા વ્લાદિમીર પુતિન ભારતની મુલાકાત લેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક્સ પર પોસ્ટ કરી જણાવ્યું, કે 'રાષ્ટ્રપતિ પુતિન સાથે વિસ્તૃત ટેલિફોનિક ચર્ચા કરી. તેમણે યુક્રેનની સ્થિતિ અંગે તાજા અપડેટ્સ આપ્યા.' નોંધનીય છે કે PM મોદીએ ગઈકાલે જ બ્રાઝિલના રાષ્ટ્રપતિ લૂલા દા સિલ્વા સાથે પણ ટેલિફોનિક વાતચીત કરી હતી.

એક તરફ જ્યાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૫૦ ટકા ટેરિફની જાહેરાત કરી છે. આટલું જ નહીં તેઓ એક બાદ એક ભારતને લઈને ઝેરી નિવેદનો પણ આપી રહ્યા છે. ટ્રમ્પે ભારત જ નહીં બ્રાઝિલને પણ આ જ પ્રકારની ધમકીઓ આપી છે. એવામાં ભારતે અન્ય મિત્ર દેશો સાથે વાતચીત વધારી છે. બીજી તરફ દબાણ છતાં ભારત અમેરિકા સામે નમતું નહીં મૂકે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક કાર્યક્રમમાં કહ્યું હતું કે દેશના ખેડૂતો અને પશુપાલકોના હિતોની રક્ષા માટે ભારે કિંમત ચૂકવવા તૈયાર છીએ. ભારતના NSA અજિત ડોભાલે મોસ્કોમાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી. ભારતના વડાપ્રધાન આ જ મહિને ચીનની મુલાકાતે જશે. વ્લાદિમીર પુતિન પણ આગામી દિવસોમાં ભારતની મુલાકાતે આવશે. આટલું જ નહીં બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલાએ પણ PM મોદી સાથે ટેલિફોનિક વાતચીત કરી છે. નોંધનીય છે કે આજે જ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે ટેરિફ મુદ્દે સમાધાન ન થાય ત્યાં સુધી ભારત સાથે ટ્રેડને લઈને કોઈ ચર્ચા કરવામાં આવશે નહી. ગયા સપ્તાહે જ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. જે બાદ ટ્રમ્પે ટેરિફ ૨૫થી વધારીને ૫૦ ટકા કર્યો. આગામી ૨૭ ઑગસ્ટથી આ ટેરિફ લાગુ થશે. અમેરિકાની જાહેરાત બાદ ભારતના વિદેશ મંત્રાલયે ટેરિફને અનુચિત અને અવિવેકપૂર્ણ ગણાવ્યા હતા.

# ભારત અમેરિકાના શસ્ત્રો નહીં ખરીદે તેવા અહેવાલો ખોટા



તા ૦૮

ટેરિફને લઈને ભારત અને અમેરિકા વચ્ચે તણાવ ચાલી રહ્યો છે. એવામાં આજે એવા અહેવાલો વહેતા થયા હતા કે ભારતે અમેરિકાથી સૈન્ય હથિયારો તથા એરક્રાફ્ટ ખરીદવાના પ્લાન પર રોક લગાવી છે. ન્યૂઝ એજન્સી રોયટર્સના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે કેન્દ્ર સરકારે અમેરિકાના શસ્ત્રો અને વિમાનો ખરીદવાની યોજનાઓને મુલતવી રાખી છે, આટલું જ નહીં અગાઉ એવું નક્કી કરવામાં આવ્યું હતું કે રાજનાથ સિંહ શસ્ત્રોની ખરીદી પર વોશિંગ્ટનના પ્રવાસે જશે. જોકે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ટેરિફની જાહેરાત બાદ હવે રાજનાથ સિંહનો પ્રવાસ પણ રદ કરવામાં આવ્યો છે. જે બાદ ભારત સરકારે સ્પષ્ટતા કરી છે. બીજી તરફ દબાણ છતાં ભારત અમેરિકા સામે નમતું નહીં મૂકે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક કાર્યક્રમમાં કહ્યું હતું કે દેશના ખેડૂતો અને પશુપાલકોના હિતોની રક્ષા માટે ભારે કિંમત ચૂકવવા તૈયાર છીએ. ભારતના NSA અજિત ડોભાલે મોસ્કોમાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી. ભારતના વડાપ્રધાન આ જ મહિને ચીનની મુલાકાતે જશે. વ્લાદિમીર પુતિન પણ આગામી દિવસોમાં ભારતની મુલાકાતે આવશે. આટલું જ નહીં બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલાએ પણ PM મોદી સાથે ટેલિફોનિક વાતચીત કરી છે.

નોંધનીય છે કે આજે જ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે ટેરિફ મુદ્દે સમાધાન ન થાય ત્યાં સુધી ભારત સાથે ટ્રેડને લઈને કોઈ ચર્ચા કરવામાં આવશે નહી. ગયા સપ્તાહે જ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. જે બાદ ટ્રમ્પે ટેરિફ ૨૫થી વધારીને ૫૦ ટકા કર્યો. આગામી ૨૭ ઑગસ્ટથી આ ટેરિફ લાગુ થશે. અમેરિકાની જાહેરાત બાદ ભારતના વિદેશ મંત્રાલયે ટેરિફને અનુચિત અને અવિવેકપૂર્ણ ગણાવ્યા હતા. ભારતે જવાબ આપ્યો હતો કે અમે રાષ્ટ્રહિત તથા આર્થિક સુરક્ષાને ધ્યાને રાખી જરૂરી તમામ નિર્ણય લઈશું. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો આરોપ છે કે ભારત રશિયાથી ઓઈલ ખરીદીને યુક્રેન યુદ્ધમાં ફંડિંગ આપે છે. ભારતે જવાબ આપ્યો છે કે યુરોપ અને અમેરિકા પોતે પણ રશિયાથી ખનીજ તથા ઓઈલ-ગેસની ખરીદી કરે જ છે. નોંધનીય છે કે ઘણા સમયથી ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલને લઈને વાટાઘાટો ચાલી રહી હતી. જોકે અમેરિકાની શરતો પૂરી ન કરી શકવાના કારણે સમજૂતી થઈ શકી નહોતી. એવામાં ડોનાલ્ડ ટ્રમ્પે ભારતથી અમેરિકા જતાં સામાન પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. આટલું જ નહીં ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાન સાથે ટ્રેડ ડીલની જાહેરાત સાથે ભારતને ટોણો પણ માર્યો હતો.

### ઇજિપ્ત દ્વારા પિરામિડ નજીક

# અબજ ડોલરના પ્રાચીન વસ્તુઓના સંગ્રહાલયનું ઉદ્ઘાટન કરવા માટે તૈયાર



તા ૦૮

ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધે આ ઉનાળામાં લાંબા સમયથી રાહ જોવાતી ઘટના યોજવાની યોજનામાં વિલંબ કર્યા પછી, ઇજિપ્તે તેના અબજ ડોલરના પ્રાચીન વસ્તુઓના સંગ્રહાલયના ઔપચારિક ઉદઘાટન માટે ૧ નવેમ્બર નક્કી કર્યું.રાષ્ટ્રપતિ અબ્દેલ-ફત્તાહ અલ-સિસી દ્વારા ગ્રાન્ડ ઈજિપ્તીયન સંગ્રહાલયની નવી ઉદ્ઘાટન તારીખને મંજૂરી આપવામાં આવી હતી, જેમાં સરકારી મંત્રાલયોને તૈયારીઓ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો, એમ ઈજિપ્તના મંત્રીમંડળે એક નિવેદનમાં જણાવ્યું હતું..પ્રાદેશિક તણાવને ટાંકીને સરકારે ૩ જુલાઈની પ્રારંભિક ઉદઘાટન તારીખ રદ કરી હતી. જૂનમાં ઇઝરાયલે ઈસ્લામિક રિપબ્લિકની પરમાણુ સુવિધાઓ પર હુમલો કર્યા પછી, બંને રાષ્ટ્રોને ૧૨-દિવસના સંઘર્ષમાં ફસાવ્યા પછી આ પગલું લેવામાં આવ્યું હતું.ઈજિપ્તીયન અધિકારીઓ ૧૨૦ એકરના આકર્ષણની કલ્પના કરે છે, જ્યાં ઘણા પ્રદર્શન હોલ પહેલાથી જ ખુલ્લા છે, તે વાર્ષિક ૫ મિલિયન મુલાકાતીઓને લાવશે. વિશ્વના સૌથી મોટા પુરાતત્વીય સંગ્રહાલય તરીકે ઓળખાતું, તે લગભગ ૧૦૦,૦૦૦ કલાકૃતિઓ પ્રદર્શિત કરવા માટે તૈયાર છે, જેમાં રાજા તુતનખામુનની કબરની વસ્તુઓનો પણ સમાવેશ થાય છે.

# અમિત શાહ બે દિવસ ગુજરાત પ્રવાસે

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ ૮ ઓગસ્ટથી બે દિવસ માટે ગુજરાત આવ્યા છે. રાત્રે અમિત શાહ અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતા. અમદાવાદ આવ્યા બાદ મેમનગર પાસે સુભાષચોક ખાતે આવેલા ભીડભંજન હનુમાન મંદિર ખાતે દર્શન માટે પહોંચ્યા હતા. ગૃહ મંત્રીએ હનુમાનજીના મંદિરે દર્શન કર્યા ત્યાર બાદ સીધા તેઓ થલતેજ ખાતેના પોતાના નિવાસ્થાને પહોંચ્યા હતા.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આવતીકાલે રક્ષાબંધનના તહેવાર અને રવિવારે એમ બે દિવસ અમદાવાદ ખાતે આવ્યા છે. આવતીકાલે ૯ ઓગસ્ટના રોજ રક્ષાબંધનના દિવસે સવારે ૧૦:૩૦ વાગ્યે તેમના વતન ગાંધીનગરના માણસા ખાતે જશે. વતનમાં આવેલા તેમના જૂના મકાનના રીનોવેશનના ખાતમુહૂર્તના પારિવારિક કાર્યક્રમમાં હાજરી આપશે. સાંજે છ વાગ્યા બાદ તેઓ અમદાવાદ ખાતે પરત ફરશે. રવિવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમદાવાદમાં રહેશે. બાદમાં સાંજે ૫:૩૦ વાગ્યાની આસપાસ તેઓ દિલ્હી જવા રવાના થશે.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના આગમનને લઈને ગાંધીનગર પોલીસે તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દીધો છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવશે. અમિત શાહ માણસામાં પોતાના નિર્માણાધીન મકાનનું ખાતમુહૂર્ત કરવાના છે.

# પાકિસ્તાનના સેના પ્રમુખ અસીમ મુનીર ફરી અમેરિકા જાય તેવી શક્યતા

તા ૦૮

ઈસ્લામાબાદ/વોશિંગટન,

પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર આ અઠવાડિયાના અંતમાં સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) કમાન્ડર જનરલ માઈકલ ઈ કુરિલાના વિદાય સમારંભમાં હાજરી આપવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ (યુએસ) જશે તેવી શક્યતા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના તાજેતરના લશ્કરી સંઘર્ષ પછી મુનીરની આ બીજી યુએસ મુલાકાત હશે.

યુએસ સેન્ટકોમના કમાન્ડર જનરલ કુરિલા, પાકિસ્તાન પ્રત્યે નરમ વલણ ધરાવે છે અને આતંકવાદનો સામનો કરવામાં, ખાસ કરીને ઈસ્લામિક સ્ટેટ - ખોરાસન પ્રાંત સામેની ભૂમિકા માટે ઈસ્લામાબાદની ઘણીવાર પ્રશંસા કરી છે. જોકે, કુરિલિયાએ દલીલ કરી છે કે અમેરિકાને ભારત અને પાકિસ્તાન બંને સાથે સારા સંબંધો રાખવાની જરૂર છે.

મુનીરે જૂનમાં છેલ્લી વખત અમેરિકાની મુલાકાત લીધી હતી, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા ઘાતક આતંકવાદી હુમલાના જવાબમાં ભારતે ઓપરેશન સિંદૂર ચલાવ્યું



હતું, જેમાં પાકિસ્તાનમાં અનેક આતંકવાદી લોન્ચપેડ અને માળખાગત સુવિધાઓનો નાશ કરવામાં આવ્યો હતો, જેમાં ૨૬ લોકોના મોત થયા હતા. આ પહેલી વાર હતું જ્યારે કોઈ વર્તમાન અમેરિકન રાષ્ટ્રપતિએ નાગરિક સરકારના કોઈપણ નેતાની હાજરી વિના પાકિસ્તાની લશ્કરી અધિકારીનું સ્વાગત કર્યું હતું.

# અમેરિકામાં અબજો ડોલરનો પ્રવાહ વહેતો થઈ ગયો છે



તા ૦૮

વોશિંગટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત સહિત લગભગ ૭૦ દેશોને લક્ષ્ય બનાવતા, લાદવામાં આવેલા ટેરિફનો એક વિશાળ સમૂહ ગુરુવારે સત્તાવાર રીતે અમલમાં આવ્યો. ભારતીય આયાત પર પ્રારંભિક ૨૫ ટકા ટેરિફ પણ શરૂ થયો, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમેરિકાનો લાભ લેનારા દેશોના અબજો ડોલર યુનાઈટેડ સ્ટેટ્સમાં વહેતા થઈ રહ્યા છે.

આજે મધ્યરાત્રિ છે!!! અબજો ડોલરના ટેરિફ હવે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં વહેતા થઈ રહ્યા છે! ટ્રમ્પે ટ્રૂથ સોશિયલ પર એક પોસ્ટમાં કહ્યું હતું કે જ્યારે ઘડિયાળમાં ઘડિયાળમાં ૧૨ વાગ્યા હતા ત્યારે, ૭ ઓગસ્ટની તારીખની શરૂઆત થઈ રહી છે જ્યારે ટ્રમ્પ દ્વારા ગયા અઠવાડિયે દેશો પર જાહેર કરાયેલ પારસ્પરિક ટેરિફ અમલમાં આવશે.ગયા અઠવાડિયે, વ્હાઈટ હાઉસે જાહેરાત કરી હતી કે ટ્રમ્પે વિશ્વભરના દેશોની નિકાસ પર વોશિંગ્ટન દ્વારા લાદવામાં આવતી વિવિધ ડ્યુટીઓની યાદી આપતો એક્ઝિક્યુટિવ ઓર્ડર જારી કર્યા પછી ભારત પર ૨૫ ટકા ટેરિફ લાદવામાં આવશે. ગયા અઠવાડિયે જાહેર કરાયેલા ૨૫ ટકા ટેરિફ ઉપરાંત, ટ્રમ્પે બુધવારે રશિયન તેલની ખરીદી માટે ભારત પર વધુ ૨૫ ટકા ટેરિફ લાદ્યા હતા.

# રાહુલ ગાંધીનો ચૂંટણી પંચ પર નવો આરોપ



તા ૦૮

કર્ણાટકના બેંગલુરુમાં કોંગ્રેસની 'વોટ અધિકાર રેલી' યોજાઈ હતી, જેમાં કોંગ્રેસના સાંસદ અને લોકસભમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર નવો આક્ષેપ કર્યો છે. તેમણે દાવો કર્યો કે, 'જ્યારે દેશની પ્રજા ડેટાને લઈને સવાલ પૂછી રહી છે, ત્યારે ચૂંટણી પંચે વેબસાઈટ જ બંધ કરી દીધી છે. ચૂંટણી પંચે બિહાર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં પોતાની વેબસાઈટ બંધ કરી દીધી છે. ચૂંટણી પંચ પણ જાણે છે કે, પ્રજા તેમને પ્રશ્ન પૂછવા લાગશે તો તેમનું આખું માળખું તૂટી જશે.'

'...તો અમે આખા દેશમાં બેઠકોની ચોરી થઈ હોવાનું સાબિત કરી બતાવીશું'

ચૂંટણી પંચે તાજેતરમાં રાહુલ ગાંધીને સોગંદનામુ મોકલ્યું હતું, જેમાં સહી કરીને માફી માંગવાની વાત કહેવાઈ હતી, ત્યારે આ મામલે રાહુલ ગાંધીએ કહ્યું કે, 'ચૂંટણી પંચ મારી પાસે સોગંદનામું માંગે છે. તેઓ કહે છે કે, મારે શપથ લેવી પડશે, પરંતુ મેં સંસદમાં બંધારણની શપથ લીધી છે.' રાહુલે ફરી માંગ કરી છે કે, 'ચૂંટણી પંચ આખા દેશની ઈલેક્ટ્રોનિક વૉટર યાદી અને ચૂંટણીની વીડિયોગ્રાફીના રૅકોર્ડ આપે. જો અમને તે મળી જશે તો સાબિત કરીશું કે, આખા દેશમાં બેઠકોની ચોરી કરવામાં આવી છે.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સતત ચૂંટણી પંચ પર મતદાર યાદીમાં છેડછાડનો આરોપ લગાવી રહ્યા છે. રાહુલ ગાંધીએ તાજેતરમાં જ એક લાખ મત ચોરી કરવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે ચૂંટણીપંચ દ્વારા મત ચોરી કરવામાં આવી રહ્યા છે. આ કિસ્સામાં ચૂંટણી પંચે તેમને એક સોગંદનામું મોકલ્યું હતું અને કહ્યું હતું કે આના પર હસ્તાક્ષર કરો કે તમે જે કહી રહ્યા છે તે સાચું છે.

# ભારતમાં ચાલશે ૧૩૫ સીટર બસ, મેટ્રો કરતાં સસ્તી પણ સુવિધા વિમાન જેવી

તા ૦૮

કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ દેશમાં જાહેર પરિવહનમાં એક મોટો ફેરફાર કરવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, ભારતમાં ટૂંકસમયમાં ૧૩૫ સીટર બસ શરુ કરવામાં આવશે. જેમાં વિમાન જેવી સુવિધાઓ મળશે. સરકાર આ ક્ષેત્રે ઈનોવેશન પર કામ કરી રહી છે.નીતિન ગડકરીએ ભારતીય પરિવહન ક્ષેત્રે થયેલા મોટા ફેરફારો પર પ્રકાશ પાડતાં જણાવ્યું કે, જાહેર પરિવહનમાં મેટ્રો મહત્ત્વની ભૂમિકા નિભાવી રહી છે. પરંતુ હવે સરકારની તૈયારી ૧૩૫ સીટર બસ શરુ કરવાની છે. આ ફ્લેશ ચાર્જિંગ બસ હશે. જે કોસ્ટ મામલે મેટ્રો કરતાં સસ્તી હશે. અને તેમાં લકઝરી સુવિધાઓ ઉપલબ્ધ થશે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, આ બસનો પાયલટ પ્રોજેક્ટ સૌ પ્રથમ મહારાષ્ટ્રના નાગપુરમાં શરુ કરાશે. ત્યારબાદ દિલ્હી-મુંબઈ સહિત દેશના અન્ય શહેરોમાં પણ બસ સેવા શરુ કરવામાં આવશે.મેટ્રોનો ખર્ચ રૂ. ૪૫૦ કરોડ પ્રતિ કિમી છે. જ્યારે બસનો ખર્ચ રૂ. ૨ કરોડ પ્રતિ કિમી છે. આ ફ્લેશ ચાર્જિંગ બસનો ખર્ચ ઓછો હોવાથી તેની ટિકિટ ડિઝલ બસની તુલનાએ ૩૦ ટકા સસ્તી હશે. એસી અને એક્ઝિક્યુટીવ સીટથી સજ્જ આ બસમાં વિમાનની જેમ ખાણી-પીણીની સુવિધાનો સામાન મળશે. દિલ્હીથી જયપુર, દહેરાદૂન અને ચેન્નઈથી બેંગ્લુરૂમાં આ બસ સેવા શરુ કરાશે.

# સેક્ટર ૧થી ૧૩માં પાણી પુરવઠો બંધ થતાં હાલાકી, નભોઈ કેનાલનો વાલ્વ ઓપરેટર ખોલવાનું ભૂલી જતાં સમસ્યા સર્જાઈ



**તા ૦૮**

ગાંધીનગરમાં પાણી સંકટ સર્જાતા સેક્ટર ૧થી ૧૩ના રહેવાસીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના વિના આજે સવારે પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ થઈ જતાં શહેરીજનો અને ગૃહિણીઓમાં ભારે રોષ ફેલાયો હતો. આ સમસ્યાનું મૂળ કારણ નભોઈ કેનાલ ખાતેનો મુખ્ય વાલ્વ ઓપરેટર દ્વારા ખોલવાનું ભૂલાઈ જતાં સર્જાઈ હોવાનું બહાર આવ્યું છે.બે દિવસથી ઓછું પ્રેશર, આજે એક ટીપું પણ ન મળ્યું

પાટનગર યોજના વિભાગ દ્વારા સામાન્ય રીતે સેક્ટર ૧થી ૧૩માં દરરોજ ૩૦ MLD (મિલિયન લિટર પ્રતિ દિવસ) પાણી પૂરું પાડવામાં આવે છે. આ પાણી નભોઈ કેનાલથી નર્મદાનું પાણી લાવીને સેક્ટર ૫ની ઓવરહેડ ટાંકી અને સરિતા ઉદ્યાન ખાતે ફિલ્ટર કરીને વિતરણ કરવામાં આવે છે. જોકે, છેલ્લા બે દિવસથી પાણીનું પ્રેશર ઓછું હતું અને પુરવઠો ઘટીને ૧૫ MLD થઈ ગયો હતો. પરંતુ, આજે સવારે તો પાણીનું એક ટીપું પણ મળ્યું નહોતું, જેના કારણે લોકોની હાલત કફોડી બની હતી.

અધિકારીઓની બદલી અને બેદરકારીથી સવાલો

પાણી પુરવઠાની આ સમસ્યા પાછળ તાજેતરમાં થયેલી અધિકારીઓની બદલી પણ જવાબદાર હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. ગુજરાત રાજ્ય પાણી પુરવઠા બોર્ડના કાર્યપાલક ઈજનેર અને નાયબ કાર્યપાલક ઈજનેરની બે-ત્રણ દિવસ અગાઉ તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી હતી.શહેર વસાહત સંઘના પ્રમુખ કેસરી શિબિહોલે જણાવ્યું કે, સવારે જ તેમને વસાહતીઓની ફરિયાદો મળવા લાગી હતી. તેમણે તાત્કાલિક એન્જિનિયરને ફોન કરીને જાણ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમણે ફોન ઉપાડ્યો નહોતો. આ મામલો સચિવાલય સુધી પહોંચતા પાણી પુરવઠાના અધિકારીઓ સક્રિય થયા હતા.

મુખ્ય સંપનો વાલ્વ ઓપરેટર ખોલવાનું ભૂલી ગયો હતોવધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સમસ્યાનું મુખ્ય કારણ માનવીય ભૂલ હતી, જેમાં નભોઈ કેનાલનો મુખ્ય સંપનો વાલ્વ ઓપરેટર ખોલવાનું ભૂલી ગયો હતો. બપોરે ૧૨ વાગ્યા સુધીમાં પાણી પુરવઠો રાબેતા મુજબ ચાલુ થઈ જવાની ખાતરી આપવામાં આવી હતી. આવી સમસ્યા ભવિષ્યમાં ન સર્જાય તે માટે જવાબદાર તંત્રએ આયોજનપૂર્વક કામગીરી કરવી જોઈએ તેવી માગ શહેરીજનો કરી રહ્યા છે.

# તત્કાલીન નાયબ કાર્યપાલક ઈજનેરને લાંચ લેવાના ગુનામાં દોઢ વર્ષની કેદ



તા ૦૮

ગાંધીનગર : ગાંધીનગરમાં કલ્પસર યાંત્રિક સેલની કચેરીના તત્કાલીન નાયબ કાર્યપાલક ઈજનેરને ૪૦૦૦ રૂપિયાની લાંચ લેતા એસીબી દ્વારા ઝડપી લેવામાં આવ્યા હતા અને જે સંદર્ભે ગુનો દાખલ થયા બાદ ગાંધીનગર કોર્ટમાં કેસ ચાલ્યો હતો અને સરકારી વકીલની દલીલોને રાખીને કોર્ટે આરોપીને દોઢ વર્ષની સજાનો હુકમ કર્યો છે.

ગાંધીનગરમાં લાંચિયા અધિકારી કર્મચારીઓ વધી રહ્યા છે ત્યારે ૧૬ વર્ષ અગાઉ ૪૦૦૦ રૂપિયાની લાંચ લેવાના ગુનામાં ગાંધીનગર કોર્ટ દ્વારા તત્કાલીન નાયબ કાર્યપાલક ઈજનેરને દોઢ વર્ષની કેદની સજાનો હુકમ કર્યો છે. જે ઘટના સંદર્ભે મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરમાં આવેલી કલ્પસર યાંત્રિક સેલની કચેરી ખાતે વર્ષ ૨૦૦૮માં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા નટવરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ દ્વારા તેમની કચેરીમાં વારાહી ટ્રાવેલ્સની ભાડાની રાખવામાં આવેલી વાહનોના બિલ મંજુર કરવા પેટે ૪,૦૦૦ની લાંચ માગવામાં આવી હતી. જેથી ફરિયાદી આ લાંચ આપવા માગતા ન હતા અને એસીબીનો સંપર્ક કરતા નટવરભાઈ પટેલને ૪૦૦૦ રૂપિયાની લાંચ લેતા રંગે હાથ ઝડપી લેવામાં આવ્યા હતા. જે સંદર્ભે ગાંધીનગર એસીબીમાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને આ કેસ ગાંધીનગરના ચોથા એડિશનલ ડિસ્ટ્રિક્ટ સેશન્સ કોર્ટમાં ચાલ્યો હતો.

## શ્રી હિંમત હાઇસ્કુલ હિંમતનગર

# વિદ્યાર્થીઓએ ફાર્મસી અને સાયન્સ કોલેજની મુલાકાત



**તા ૦૭**

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત એપીએમસી ફાર્મસી કોલેજ તથા એચએનએસબી સાયન્સ કોલેજની શ્રી હિંમત હાઈસ્કૂલ હિંમતનગરના ધોરણ ૧૧,૧૨ વિજ્ઞાન પ્રવાહના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રોએ મુલાકાત લીધી શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલના માર્ગદર્શન મુજબ આયોજન થયુ મંત્રી જીતુભાઈ પટેલએ કોલેજમા હાજર રહી પ્રોત્સાહન પૂરુ પાડ્યુ ફાર્મસી અને સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ તથા સ્ટાફ મિત્રોએ ખૂબ સારો સાથ સહકાર આપ્યો શાળાના સ્ટાફમિત્રો પી.જે.મહેતા, ભાવેશભાઈ પટેલ, પંકજભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, યોગેશભાઈ પટેલ, ચિરાગભાઈ પટેલ, જયેશભાઈ પટેલ તથા સ્વાતિબેન આહીર હાજર રહ્યા વિદ્યાર્થીઓને ધોરણ ૧૨ પછી ફાર્મસી અંગેની ખૂબ સારી માહિતી મળી હતી

# નાથાવાસ પ્રા શાળા ખાતે રક્ષાબંધનની ઉજવણી કાર્યક્રમ યોજાયો



**,તા ૦૭**

નાથાવાસ પ્રા શાળામાં ભણતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓમાં ભાઈ બહેનનો અતૂટ સ્નેહ જળવાઈ રહે તથા શિક્ષકોમાં પણ ને જળવાઈ રહે તે હેતુથી રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી.. વર્ગના સૌ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તમામ દીકરીઓએ વર્ગના વિદ્યાર્થીઓને રાખડી બાંધી હતી તથા શાળાના સ્ટાફમાં સર્વે બહેનોએ ભાઈઓને રાખડી બાંધીને તેઓની રક્ષા ની પ્રાર્થના કરી હતી.. શિક્ષિકા બહેનોએ શિક્ષક મિત્રોને મીઠું કરાવી રક્ષાબંધનની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. શાળાના મુખ્ય શિક્ષક રમીલા બેની ભાઈ બહેન નો અતૂટ પ્રેમ અને સ્નેહના આ તહેવારની મહત્તા સૌની સમજાવી હતી.

# ગુજરાતના માછીમારોના હિતમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય


**તા ૦૭**

ગાંધીનગર,

માછીમાર સંગઠનો દ્વારા રાજ્ય સરકરને કરવામાં આવેલી રજૂઆતને હકારાત્મક વાચા આપતા મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ વધુ એક માછીમાર હિતલક્ષી મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. આગામી તા. ૧૬ ઓગસ્ટથી રાજ્યમાં શરુ થઇ રહેલી નવી માછીમારી સીઝન માટે માછીમાર ભાઈઓને બોટ માટે ડીઝલ વિતરણ તા. ૧૧ ઓગસ્ટથી જ શરુ કરી દેવામાં આવશે. આ સંદર્ભે મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે,



ગુજરાત સરકાર દ્વારા પરિપત્રિત કરાયા મુજબ આગામી તા. ૧૬ ઓગસ્ટથી નવી માછીમારી સીઝન શરુ થવા જઈ રહી છે.સીઝન શરુ થવાના દિવસે જ ડીઝલ વિતરણ થતા બંદરો પર બોટનો ટ્રાફિક સર્જાય છે અને માછીમારોને વિવિધ અગવળતાઓ થાય છે. જેથી સીઝન શરુ થાય તે આગાઉ જ ડીઝલ વિતરણ માટેની પરવાનગી આપવા ગુજરાતના જુદા-જુદા વિસ્તારોમાંથી અનેક માછીમાર આગેવાનો અને સંગઠનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.માછીમાર આગેવાનો અને સંગઠનોની આ રજૂઆત રાજ્ય સરકારને યોગ્ય જણાઈ આવતા, તાત્કાલિક ધોરણે આ મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. સીઝનની શરૂઆતમાં જ માછીમારો ભાઈઓને કોઈપણ મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે પાંચ દિવસ અગાઉથી એટલે કે, તા. ૧૧ ઓગસ્ટથી જ ડીઝલ વિતરણની કામગીરી શરુ કરવામાં આવશે, તેમ મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.




Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું